# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-03-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- ✓ **ભારત અને ભૂટાન રાષ્ટ્રીય હિતોને લગતા મુદ્દાઓ પર એકબીજા સાથે ગાઢ સંકલન અને સહયોગ ચાલુ રાખવા સંમત થયા**
- ✓ **કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી માટે બે હજાર એકસો નિરિક્ષકોને ફરજ સોંપી –મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો**
- ✓ **કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ -CBSE ગેરરીતિઓમાં સંડોવણીને કારણે 20 શાળાઓની માન્યતા રદ કરી**
- ✓ **ભારતનો કિદામ્બી શ્રીકાંત સ્વિસ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં પહોંચ્યો**
- ✓ **IPLમાં આજે મોહાલીમાં પંજાબ કિંગ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે અને કોલકતામાં કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે થશે.**

........................

# INDIA BHUTAN JOINT STATEMENT

ભારત અને ભૂટાન તેમના રાષ્ટ્રીય હિતોને લગતા મુદ્દાઓ પર એકબીજા સાથે ગાઢ  સંકલન અને સહયોગ ચાલુ રાખવા સંમત થયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભૂટાનની સત્તાવાર મુલાકાત અંગેના સંયુક્ત નિવેદનમાં  કહેવામાં આવ્યું છે કે ભારત અને ભૂટાન હાઇડ્રોપાવર, સોલાર અને ગ્રીન હાઇડ્રોજનના ક્ષેત્રોમાં સ્વચ્છ ઊર્જા ભાગીદારીનું વિસ્તરણ કરવાનું ચાલુ રાખશે અને પ્રદેશમાં ઊર્જા સુરક્ષાને વધારવા માટે સંયુક્ત રીતે નવી યોજનાઓ વિકસાવશે.. ભારત-ભૂતાન ઉર્જા ભાગીદારી માટે સંયુક્ત ભાવિ  યોજના નિવેદનનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને દેશો સરહદ પારથી માલસામાન અને સેવાઓની સીમલેસ હિલચાલ, રેલ કનેક્ટિવિટી, રોડ, હવાઈ, જળમાર્ગો, વેપાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક અને ડિજિટલ કનેક્ટિવિટી સહિત પરસ્પર જોડાણ વધારવા સંમત થયા હતા. બંને દેશો વચ્ચેની આ કાયમી ભાગીદારી સામાન્ય મૂલ્યો અને સહિયારી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસા પર આધારિત છે. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત માટે ભૂટાન અને ભૂટાન માટે ભારત એ ભૂતાનના ભૂતપૂર્વ અને વર્તમાન રાજા ડ્રુક ગ્યાલ્પોના વિઝન અને ભારત અને ભૂટાનના રાજકીય નેતૃત્વ પર આધારિત કાયમી વાસ્તવિકતા છે.

# REV PM ORDER OF DRUK GYALPO

ભૂતાનના રાજા જીગ્મે ખેસર નામગયાલ વાંગચુકે ભૂતાનનો નાગરિક ક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અર્પણ

કર્યો છે. થિંપુ ખાતે યોજાયેલા ખાસ સમારંભમાં આ પુરસ્કાર શ્રી મોદીને અપાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુરસ્કાર સ્વીકારતાં જણાવ્યું હતું કે, આ તેમનું વ્યક્તિગત નહીં પણ 140 કરોડ ભારતીયોનું ગૌરવ છે અને તેઓ ભારતીય નાગરિકોના વતી આ પુરસ્કાર સ્વીકારી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી આ ગૌરવપ્રદ પુરસ્કાર મેળવનાર પહેલા વિદેશી અગ્રણી છે.

## EC--POLL-PREPARATIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે. આ નિરિક્ષકો જીલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે. જો કે, તેમની પ્રાથમિક ફરજ મતદાનની પ્રક્રિયા વખતે મતદારોને કોઇપણ પ્રકારના પ્રલોભનો અપાતા તેમજ ગેરરીતી રોકવાની રહેશે. તેમને મતદાન યંત્રોની કોઇ ચોક્કસ ક્રમ વિના ચકાસણીની પણ ફરજ સોંપાઇ છે.

મતદાન પ્રક્રિયા પારદર્શક બનાવવા સંબંધિત અધિકારીઓએ તેમને સોંપેલ સંસદીય મતવિસ્તારમાં ઉપસ્થિત રહેવું પડશે તેમજ વેબસાઇટ અને વિવિધ મંચો દ્વારા તેમનો સંપર્ક કરી શકાય એ બાબત સુનિશ્ચિત કરવી પડશે. આ નિરિક્ષકો મતદાન મથકોની મુલાકાત પણ લેશે તેમજ જરૂર પડે તો રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ અને ચૂંટણી લડતાં ઉમેદવારો સાથે બેઠક પણ કરશે.

## MATDAN PROOF

કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ મતદારની ઓળખ માટેના મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેંક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સહીતના માન્ય દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા રાજ્યવિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાવાની છે.

## CBSE

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ - CBSE ગેરરીતિઓમાં સંડોવણીને કારણે 20 શાળાઓની માન્યતા રદ કરી છે. જેમાં દિલ્હીની પાંચ શાળાઓનો પણ સમાવેશ થાય છે. બોર્ડે એક જાહેરનામામાં જણાવ્યું હતું કે ઓચિંતી તપાસ દરમિયાન જોડાણ અને પરીક્ષાના ધોરણોના પાલનમાં વિસંગતતાઓ મળ્યા બાદ કડક પગલાં લેવામાં આવ્યા છે. CBSE. જણાવ્યું હતું કે આ શાળાઓ ડમી વિદ્યાર્થીઓ, અયોગ્ય ઉમેદવારો રજૂ કરવા અને યોગ્ય રીતે રેકોર્ડની જાળવણી ન કરવા જેવી વિવિધ ગેરરીતિ આચરતી હતી.

## SAHID DIVAS

દેશના વીર શહીદોનું સન્માન કરવા અને દેશ માટે તેમના બલિદાનને યાદ કરવા માટે દર વર્ષે 23મી માર્ચે ભારતમાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશની સ્વાતંત્ર્ય ચળવળ માટે 23 માર્ચ 1931એ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. આ ત્રણેય નૌ જવાને દેશ માટે થઈને શહીદી વહોરી લીધી હતી. ત્યારથી આપણા દેશમાં આ દિવસને શહીદ દીન તરીકે ઉજવવાય છે. આજે પંજાબ સહિત દેશભરમાં આ શહીદોને ભાવુક શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

## MUMBAI COURT-PRAGYA

મુંબઈની એક વિશેષ અદાલતે 2008ના માલેગાંવ વિસ્ફોટ કેસમાં હાજર ન થવા બદલ ભાજપા સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર વિરુદ્ધ જારી કરાયેલ જામીન વોરંટને રદ કરી દીધું છે.

20 માર્ચના રોજ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલી પ્રજ્ઞાસિંહ ત્યાંથી ડિસ્ચાર્જ થયા બાદ અદાલતમાં હાજર થતાં વોરંટ રદ કરવામાં આવ્યું હતું. નિવેદન નોંધવાની નિર્ધારિત તારીખે હાજર ન રહેવા બદલ અદાલતે 11 માર્ચે જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું.

## SHEIKH SAHAJAHAN

પશ્ચિમ બંગાળમાં બસીરહાટ સબ-ડિવિઝનલ અદાલતે શેખ શાહજહાંને છ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધો છે. ગઇકાલે નવ લોકોને અદાલતમાં

રજૂ કરવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ પર હુમલાના સંબંધમાં આ વર્ષે પાંચમી જાન્યુઆરીએ તેની  ધરપકડ કરવામાં આવી હતી.

## EC-WEST BENGAL

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ચાર જિલ્લામાં નવા જિલ્લા મેજિસ્ટ્રેટની નિમણૂક કરી છે . પંચે ગઈકાલે લોકસભા ચૂંટણી પહેલા પૂર્વ મેદિનીપુર, ઝારગ્રામ, પૂર્વા બર્ધમાન અને બીરભૂમ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટની બદલીનો આદેશ આપ્યો હતો.

## MAHA-TRANSFERS

મહારાષ્ટ્ર સરકારે ઈકબાલસિંહ ચહલને મુખ્યમંત્રી સચિવાલયના પ્રભારી અધિક મુખ્ય  સચિવ તરીકે નિયુક્ત કર્યા છેભૂષણ ગગરાણીના સ્થાને તેમની  . .નિમણૂક કરવામાં આવી છે

ચૂંટણી પંચની સૂચના પર શ્રી ગગરાણીને બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના નવા કમિશનર  બનાવવામાં આવ્યા છેલોકસભા ચૂંટણીની જાહેરાત પછી ., ચૂંટણી પંચે રાજ્ય સરકારને ચહલ  અને અન્ય કમિશનરો, વધારાના કમિશનરો અને મ્યુનિસિપલ બોડીના ડેપ્યુટી કમિશનરોની  બદલી કરવાનો આદેશ આપ્યો હતો, જેમણે ત્રણ વર્ષથી વધુ સમય સુધી સમાન પદ સંભાળ્યું હતું.

## NT.SWISS OPEN BADMINTON

ભારતનો કિદામ્બી શ્રીકાંત સ્વિસ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં પહોંચી ગયો છે.

શ્રીકાંતે સ્વિટ્ઝર્લેન્ડના બાસેલમાં પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં તાઇવાનના લી ચિયા હાઓને 21-10, 21-14થી પરાજય આપ્યો હતો. ફાઈનલમાં સ્થાન મેળવવા માટે શ્રીકાંત આજે તાઈવાનના જ લિન ચુન-યી સામે ટકરાશે.

અન્ય ક્વાર્ટર ફાઈનલ મેચોમાં પ્રિયાંશુ રાજાવતનો તિએન ચેન ચાઉ સામે 15-21, 19-21થી પરાજય થયો હતો જ્યારે કિરણ જ્યોર્જ ડેનમાર્કના રાસમસ ગેમકે સામે 23-21, 17-21, 15-21થી હારી ગયો હતો.

# REV.NT.IPL

17મી ઈન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટની પ્રથમ મેચમાં અગાઉની વિજેતા ચેન્નાઈ સુપર કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટથી પરાજય આપ્યો છે.

ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી અને નિર્ધારિત વીસ ઓવરમાં છ વિકેટે 173 રન બનાવ્યા. જેમાં રચિન રવિન્દ્રએ 37 અને અનુજ રાવતે 48 રન બનાવ્યા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સે 8 બોલ બાકી રહેતા 174 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ માટે મુસ્તાફિઝુર રહેમાને ચાર વિકેટ લીધી હતી.

આ પહેલા ચિદમ્બરમ સ્ટેડિયમમાં રંગારંગ ઉદઘાટન સમારોહ સાથે આઈપીએલની શરૂઆત થઈ હતી.

આજે મોહાલીમાં બપોરે સાડા ત્રણ વાગ્યે પંજાબ કિંગ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે અને કોલકાતામાં સાંજે સાડા સાત વાગ્યે કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે થશે.

## IMD---WEATHER

ભારતીય હવામાન વિભાગે ઇશાન ભારતના રાજ્યોમાં વિવિધ સ્થળોએ આગામી 26મી માર્ચ સુધી ભારે તેમજ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આગામી પાંચ દિવસમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય સહિત નવ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ થઇ શકે છે. એવી જ રીતે, પંજાબ, બિહાર અને હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે.

લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં આવતીકાલે હિમવર્ષા થવાની સંભાવના છે. જો કે, હવામાન વિભાગે દક્ષિણ ભારતના ઘણા સ્થળોએ તાપમાન વધુ રહેવાની સંભાવના છે.

## REV.RUSSIA KILLED

રશિયામાં રાજધાની મોસ્કો નજીક એક કોન્સર્ટ હોલ સંકુલમાં સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા ગોળીબારમાં આશરે 40 લોકો માર્યા ગયા અને 100 થી વધુ ઇજાગ્રસ્ત થયા છે.

રશિયાની સરકારી મીડિયા એજન્સી TASSના સમાચાર અનુસાર ત્રણ સશસ્ત્ર હુમલાખોરોએ મોસ્કોની બહારના ભાગમાં આવેલા ક્રોકસ સિટી હોલની અંદર

ગોળીબાર કર્યો હતો. તાત્કાલિક સુરક્ષા એક્શન ટીમ SWAT ને ઘટના સ્થળે બોલાવવામાં આવી છે. 70 થી વધુ એમ્બ્યુલન્સ અને ડોકટરો અસરગ્રસ્તોની સહાય કરી રહ્યા છે. કોમ્પ્લેક્સની છત પર ભીષણ આગ ફાટી નીકળી હતી અને ઘટનાસ્થળે ખાસ રશિયન સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. TASS અહેવાલ આપે છે કે અગ્નિશામકોએ બિલ્ડિંગમાંથી લગભગ 100 લોકોને બહાર કાઢ્યા હતા. આ પ્રદેશના ગવર્નર એન્ડ્રે વોરોબ્યોવે કહ્યું કે લોકોને બચાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અમેરિકાએ કહ્યું છે કે તે આ સંબંધમાં વધુ માહિતી એકઠી કરી રહ્યું છે. યુક્રેને હુમલામાં કોઈપણ સંડોવણીનો ઈન્કાર કર્યો છે.

## NT.US RESOLUTION

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ગાઝામાં યુદ્ધવિરામ માટેના અમેરિકાના પ્રસ્તાવને રશિયા અને ચીને વીટો કરી દીધો છે.

પેલેસ્ટિનિયન નાગરિકોની સુરક્ષા અને તેમને માનવીય સહાય પૂરી પાડવા માટે અમેરિકાએ આ પ્રસ્તાવ લાવ્યું હતું. રશિયાએ અમેરિકાના આ પગલાને દંભી ગણાવી ટીકા કરી હતી અને કહ્યું હતું કે અમેરિકા ઇઝરાયેલ પર યુદ્ધ રોકવા માટે દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. 15 સભ્યોની સુરક્ષા પરિષદના એક સભ્ય ગેરહાજર, અગિયાર સભ્યોએ ઠરાવની તરફેણમાં મત આપ્યો, ત્રણ સભ્યોએ વિરુદ્ધમાં મત આપ્યો હત. સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના રાજદૂત વાસિલી નેબેન્ઝિયાએ કહ્યું કે તેમનો દેશ ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામનું સમર્થન કરે છે પરંતુ અમેરિકાના ઠરાવની ભાષા યોગ્ય નથી. તેમણે કહ્યું કે અમેરિકી વિદેશ મંત્રી

એન્ટની બ્લિંકન અને અમેરિકી રાજદૂત લિન્ડા થોમસ-ગ્રીનફિલ્ડ આ મુદ્દાનું રાજનીતિકરણ કરીને આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

અમેરિકી રાજદૂતે રશિયા અને ચીનના વીટોને નિંદનીય અને સંકુચિત ગણાવ્યો હતો. ગાઝામાં બગડતી માનવતાવાદી પરિસ્થિતિ પર સુરક્ષા પરિષદના પ્રથમ બે ઠરાવો મંજૂર કરવામાં આવ્યા છે, પરંતુ બંનેમાંથી એક પણ યુદ્ધવિરામની હાકલ નથી. અગાઉ અમેરિકા યુદ્ધવિરામ સંબંધિત ત્રણ પ્રસ્તાવોને વીટો કરી ચૂક્યું છે.